Received on : 03-08-2023
Registered on : 03-08-2023
Decided on : 10-08-2023
Duration : Y M D
- - 07

## જૂનાગઢના મે. પાંચમાં એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. જુનાગઢ

**<u>ફોજદારી પરચુ.અરજી નં. ૪૯૦/૨૦૨૩.</u>**

<u>આંક– ૬</u>

**<u>અરજદાર</u>.** સત્યવાન ઉર્ફે બાદલ જુરજુ જૈન,
ઉ.વ.આ.૨૭, ધંધો–મજુરી,ધર્મે–હિન્દુ,
રહે. મુળ બાદગઢ ધારાકોટ પોસ્ટ,
જી. ગંજામ ઓરીસ્સા,
હાલ રહે. સુરત ડાયમંડનગર,
હાલ : જીલ્લા જેલ, જૂનાગઢ.

**<u>–:: વિરૂધ્ધ ::–</u>**

**<u>સામાવાળા.</u>** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :–** ક્રિ.પ્રો.કોડ–કલમ–૪૩૯ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી આર. ડી. ઠાકર.
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ. પી.પી.શ્રી એન. કે. પુરોહીત.

---

**<u>–: ઠ રા વ :–</u>**

(૧) આ કામે અરજદાર/આરોપી તરફે હાલની સીઆર.પી.સી. કલમ–૪૩૯ મુજબની અરજી આપવામાં આવેલ છે. આરોપી વિરૂધ્ધ જૂનાગઢ

તાલુકા પોલીસ સ્ટેશન થર્ડ ૨૧૭/૧૯, એન.ડી.પી.એસ. ની કલમ-૮(સી), ૨૦(બી), ૨૯ મુજબનો ગુન્હો નોંધાયેલ છે.

(૨) જામીન અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદાર તા. ૨૨-૮-૧૯ થી જયુડીશ્યલ કસ્ટડીમાં છે અને અરજદાર સામે એન.ડી.પી.એસ. કેસ નં. ૪/૧૯ પેન્ડીંગ છે અને અરજદારે અગાઉ કરેલ જામીન અરજી નામંજુર થયેલ છે અને નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ફોજ. પરચુ. અરજી નં. ૧૩૫૮૦/૨૦ થી જામીન અરજી કરેલી જેમાં છ મહીનાની અંદર જો કેસની ટ્રાયલ પુરી ન થાય તો જામીન અરજી કરી શકશે તેવો હુકમ ફરમાવેલ અને છ માસ વિતી ગયા છતાં કેસની ટ્રાયલ પુરી થયેલ નથી. વધુમાં જણાવેલ છે કે, સમગ્ર કેસની હકીકત જોઈએ તો ફરીયાદ મુજબ ગુન્હો બન્યાની તા. ૨૨-૮-૧૯ કલાક ૧૯-૩૫ એટલે કે, સાંજનો સમય ગણાય તેમજ ગુન્હો જાહેર થયાનો સમય અને તા. ૨૨-૮-૧૯ સમય ૨૧-૩૫ રાત્રીનો સમય ગણાય. ચાર્જશીટ સાથે એફ.એસ.એલ.નો સ્થળ પરિક્ષણ અહેવાલમાં સ્થળ મુલાકાતની તા. ૨૨-૮-૨૧, સમય ૧૧-૫૧ એમ.એ. સવારનો ગણાય એફ.આઈ.આર. મુજબ પ્રાથમીક પંચનામુ કલાક ૧૦-૨૦ થી ૧-૧૦ સુધી થયેલ જે સવારનો સમય ગણાય. એફ.આઈ.આર. જોતા હાલના અરજદાર રાજન ટ્રાવેલ્સની બંધ કેબીનના અંદર બેસેલા હોવાનો આક્ષેપ છે. હાલના અરજદાર પાસેથી કહેવાતો પદાર્થ ૧૨-૧૮ કિલોગ્રામ મળી આવેલુ વજન કાટાની પહોંચ ઉપરથી જણાય આવે છે. આ જથ્થો જથ્થાના નોટીફીકેશન એન.ડી.પી.એસ. ના કેસના કીસ્સામાં કોમર્શીયલ કોન્ટેટી કરતા ઓછો સ્મોલ કોન્ટીટીમાં હોવાનુ પ્રસ્થાપિત થાય છે. વધુમાં જણાવેલ છે કે, અરજદારની પુછપરછ ઉડીયા ભાષામાં કરવામાં આવેલ નથી કે દુભાષીયાની વ્યવસ્થા કરાયેલ નથી અને અરજદાર ગુજરાતી ભાષા વાંચી બોલી સમજી શકતા નથી એ હકીકત પણ રેકર્ડ ઉપર આવેલી છે ત્યારે તપાસ કરનારે જે કોઈ કાર્યવાહી કરેલ તેની જાણ અરજદારની ભાષામાં

કરવામાં આવેલ નથી જેથી એન.ડી.પી.એસ.ના મેન્ડેટરી કાયદાનો ભંગ થયેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોલીસ સમક્ષની ટર્મીનોલોજી જોઈએ તો ૧ થી ૨૪ કલાક તે રીતેનો ઉપયોગ સીઆર.પી.સી. કલમ–૧૫૪ મુજબ એફ.આઈ.આર. થી માં ડીને ચાર્જશીટ થાય ત્યાં સુધી આ જ ફોર્મેટમાં કરવામાં આવતી હોય છે. હાલના કીસ્સામાં જે ૧ થી ૨૪ કલાક પ્રમાણેની ટર્મીનોલોજી માનીએ તો એફ.એસ.એલ.નુ પરિક્ષણ સવારે ૧૧–૫૧ કલાકે થાય છે તે પણ તા. ૨૨–૮–૧૯ ના રોજ સામાન્ય રીતે એ.એમ. એટલે કે, સવારનો સમય ગણાય અને ફરીયાદમાં તથા તપાસમાં લેવાયેલા નિવેદનો જોઈએ તો ફરીયાદી પી.એસ.આઈ. જે. એમ. વાળાને બાતમી કયારે મળી તે સમય દર્શાવેલ નથી. ગુપ્ત જા. નં. કયારે તૈયાર થયેલો તેનો સમય દર્શાવેલ નથી મૌખિક ટેલીફોનીક જાણથી મંજુરી મળેલ હોય અને સુચના રેડપાડવાની ચર્ચા થયેલી મૌખિક ચર્ચાઓ થયેલી અને મૌખિક રીતે પં ચોને બોલાવવાની વાત થયેલી છે. પ્રાથમીક પંચનામુ સવારે ૧૦–૨૦ થી ૧–૧૦ સુધી થયેલ છે. ઈલેકટ્રોનીક વજન કાટાવાળાને સવારે ૧૨–૦૦ વાગ્યે બોલાવવામાં આવેલ છે જે સ્થળે ૧–૨૦ વાગ્યે પહોંચે છે અને ફરીયાદમાં અં તે એવુ દર્શાવાયેલ છે કે, હલાના અરજદારની પંચનામાની વિગતે અટક કરવામાં આવેલી છે. જે બાબતનુ પંચનામુ રાત્રે ૧૯–૧૫ એ થાય છે અને ગુન્હો બન્યાની તા. ૨૨–૮–૧૯ કલાક ૧૯–૩૫ દર્શાવેલ છે. આ સમગ્ર હકીકત જોઈએ તો પોલીસના સમયની ટર્મીનોલોજી પ્રમાણે એફ.એસ.એલ.નો રીપોર્ટ સ્થળ સવારે ૧૧–૫૧ વાગ્યે તૈયાર થઈ જાય છે અને એફ.એસ.એલ. પોલીસ પહેલા કાર્યવાહી શરુ કરી ધ્યે છે અને ત્યારબાદ એન.ડી.પી.એસ. નો કેસ નોંધાય છે. આ હકીકત ફરીયાદ અને ચાર્જશીટ તથા સરકાર તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા પરથી ફલીત થાય છે. આ રીતે સમગ્ર ચાર્જશીટ જોઈએ તો એન.ડી.પી.એસ. હેઠળ નોંધાયેલ ગુન્હા અંગે એન.ડી.પી.એસ. એકટની તમામ મેન્ડેટરી સેકશનનો ભંગ થયેલ છે અને નામ. સુપ્રિમકોર્ટ ૨૦૦૮, લો–સ્યુટ, પાના નં. ૨૪૩ ઈ મેબલ રાજ

વી. ઈન્ટેલીજન્સ ઓફીસર નાર્કોટીક કંટ્રોલ બ્યુરોનુ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષની ફોજ. પરચુ. અરજી નં. ૧૪૩૩૦૩/૧૫, ક્રિષ્ણકાંત ઉર્ફે સોનુ દિલીપસિંહ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનુ જજમેન્ટ ધ્યાને લેવા અરજ કરેલ છે. ઉપરોકત તમામ કાયદાકીય આધારો અને હકીકતોના આધારે અને ચાર્જશીટની હકીકતોને ધ્યાને લેતા અરજદારના વ્યકિતગત પઝેશનમાંથી કહેવાતો ગાંજાનો જથ્થો તે કોઈ કોર્મશીયલ કોન્ટેટીનો ન હતો. વધુમાં જણાવેલ છે કે, ટ્રાયલમાં માત્ર એક સાક્ષી લેવાયેલ છે અને નજીકના ભવિષ્યમાં ટ્રાયલ પુરી થાય તેવા સંજોગો નથી, પડેલ પુરાવા જોતા તપાસમાં ગંભીર ક્ષતી છે, અરજદારને ખોટી રીતે સંડોવી દીધેલ છે તેવી હકીકત નકારી શકાય તેમ નથી તેમજ નામદાર હાઈકોર્ટે વહેલી ટ્રાયલ ચલાવવા કરેલ હુકમનુ પાલન ફરીયાદપક્ષ તરફથી કરવામાં આવેલ નથી તે સં જોગોમાં અનિશ્ચીત મુદ્દત માટે જયુડીશ્યલ કસ્ટડીમાં રાખી શકાય નહીં અન્યથા બં ધારણના આર્ટીકલ–૨૧ નો ભંગ થાય છે જે અંગે નામદાર સુપ્રિમકોર્ટે સંજય ચંદ્રા વિ. સી.બી.આઈ.ના જજમેન્ટમાં વિસ્તૃત રીતે જણાવેલ છે. આમ, તમામ હકીકત ધ્યાને લઈ અરજદાર/ આરોપીને જામીન મુકત કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે સામાવાળાને નોટીસ કાઢતા સરકારી વિ. વકીલશ્રી એન. કે. પુરોહીત હાજર રહેલા તથા આંક–૫ થી સોગંદનામુ રજુ કરેલ છે. સદરહુ સોગં દનામાના પેરા–૧૨ માં નીચે મુજબની વિગતો જણાવેલ છે.

'' આ કામના આરોપી નં.–૧ થી ૪ નાઓએ આરોપી નં.–૫ ના કહેવાથી આરોપી નં.–૬ તથા ૭ ને આપવા સારૂ પોતાના કબજામાં ગેરકાયદેસર પાસ પરમીટ વગર વનસ્પતીજન્ય નશીલો પદાર્થ ગાંજો ૩૯.૭૭૨ કી.ગ્રા. જેની કિં. રૂા. ૩,૯૭,૭૨૦/– તથા મોબાઈલ નં.–૪ જેની કિં.રૂા. ૧૧,૦૦૦/– તથા રોકડા રૂા. ૨,૯૨૦/– તથા અન્ય ચીજવસ્તુઓ મળી કુલ કિં. રૂા. ૪,૧૧,૬૪૦/– ના મુદ્દામાલ સાથે મળી આવેલ છે'''

(૪) આ કામે અરોપી તરફે વિ. વકીલશ્રી આર. ડી. ઠાકરની દલીલો સાંભળવામાં આવેલ છે અને તેઓએ તેમની અરજી મુજબની રજુઆત કરી અરજદાર/આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

(૫) ફરીયાદપક્ષ તરફે સરકારી વિ. વકીલશ્રી એન. કે. પુરોહીતની દલીલ સાંભળવામાં આવેલ છે, તેમના તરફે દલીલ છે કે, આરોપીઓએ ઓરીસ્સામાંથી ગુજરાતમાં ગાંજો લઈ આવવાનો પુર્વ પ્લાન કરી તે મુજબ ત્રણ થી ચાર વાર ઓરીસ્સાથી ગાંજો લઈ જૂનાગઢ, ધોરાજી વેચાણ કરેલ અને માત્રને માત્ર આરોપીઓએ પોતાના આર્થિક ફાયદા સારુ ગાંજા જેવા અતિનુકશાનકારક નશીલા પદાર્થની લે-વેચ કરેલ છે અને યુવાધન કે જે આવનાર દેશનુ ભવિષ્ય છે તે આવા લોકોના સંપર્કમાં આવી આવા નશીલા પદાર્થના સેવનના રવાડે ચડી જાય છે જેથી આવા ગાંજાના ધંધા સાથે સંકળાયેલ ઈસમોને આટલા મોટા પ્રમાણમાં પકડાયેલ ગાંજાના જથ્થાના કેસમાં જામીન મુકત કરવામાં આવશે તો ફરીથી ગાંજાનુ વેચાણ કરશે અને દેશના આવનાર ભવિષ્ય સાથે ચેડા કરશે તેમજ અરજદાર/આરોપી ઓરીસ્સાના વતની છે, ટ્રાયલ સમયે હાજર નહીં રહે તે તમામ હકીકતે અરજદાર /આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૬) બન્ને પક્ષકારોની દલીલો ધ્યાને લેવામાં આવેલ છે. હાલના અરજદાર/આરોપી વિરૂધ્ધ એન.ડી.પી.એસ. ની કલમ-૮(સી), ૨૦(બી), ૨૯ મુજબના ગુન્હાનો આક્ષેપ છે. આક્ષેપાચેલ ગુન્હાની એફ.આઈ.આર. મુજબ અરજદાર/આરોપી તથા અન્ય ત્રણ આરોપીઓના કબજામાંથી સયુંકત રીતે કુલ ૩૯.૭૭૨ કીલોગ્રામ ગાંજો મળી આવેલાનો આક્ષેપ છે. અરજદાર /આરોપીએ હાલની અરજી ક્રિમી. પ્રોસી. કોડની કલમ-૩૪૯ હેઠળ કરેલ છે. આ

અગાઉ અરજદારે કરેલ રેગ્યુલર જામીન અરજી નામંજુર થયેલ છે અને તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ થયેલ જે એન.ડી.પી.એસ. કેસ નં. ૪/૧૯ થી પ્રગતિમાં છે. વધુમાં અરજદાર તરફે કરેલ દલીલ જોતા તે પુરાવાનો વિષય છે અને જામીન અરજીના તબકકે પુરાવાની ચર્ચા અસ્થાને છે. વધુમાં હાલના અરજદાર/ આરોપી વિરૂધ્ધ પ્રમથદર્શનીય કેસ છે. આરોપીના સભાન કબજામાંથી કહેવાતો કુલ જથ્થો મળી આવેલ છે તેમજ તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ વંચાણે લેતા હાલના અરજદાર/આરોપી મુળ ઓડીસા રાજયના રહેવાસી હોય ટ્રાયલમાં હાજરી અંગે પણ શંકા જણાય છે જેથી ગુન્હાની ગંભીરતા અને આરોપીનો રોલ ધ્યાને લઈને આ કામે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુ ક મ ::-</u>**

અરજદાર/આરોપી સત્યવાન ઉર્ફે બાદલ જુરજુ જૈન, રહે. મુળ બાદગઢ ધારાકોટ પોસ્ટ, જી. ગંજામ ઓરીસ્સા, હાલ રહે. સુરત ડાયમં ડનગરવાળાની પ્રસ્તૃત ફોજદારી પરચુરણ અરજી નં.૪૯૦/૨૩ આથી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૧૦ મી, માહે.: ઓગષ્ટ, સને-૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જૂનાગઢ.
તા.૧૦-૦૮-૨૦૨૩.

**( આર. ડી. પાંડે )**
પાંચમા એડીશ્નલ સેશન્સ જજ,
જૂનાગઢ.
કોડ નં.જીજે-૦૦૮૧૩